**ટાંકીને તોડી પાડવાની કાર્યવાહી નહીં કરાતા મુખ્યમંત્રી ઓફિસના વોટ્સએપ પર ફોટા સહિતની રજૂઆત**

## મોટા ફોફળિયા ગામે વારી ગૃહની 60 વર્ષ જૂની પાણીની ટાંકી જર્જરીત

**પાણીની** ટાંકીના દરેક કોલમ અને બીમ પરથી પ્લાસ્ટર ઉખડી જઈ તેના સળિયા દેખાય છે


તસવીર-અમિત સોની

(પ્રતિનિધી) શિનોર, તા.૨૪

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામે વારી ગૃહની 60 વર્ષ કરતા વધુ જૂની ઊંચી પાણીની ટાંકી જર્જરીત હાલતમાં થયેલ છે તેને તોડી પાડવાની કાર્યવાહી નહીં કરાતા મુખ્યમંત્રી ઓફિસ દ્વારા જાહેર કરેલ વોટ્સએપ મોબાઈલ નંબર ઉપર ફોટા સહિતની રજૂઆત કરી અને અધિકારીઓને પણ આ અંગે રજૂઆત કરેલ છે. જર્જરીત તને બિસ્માર બનેલી બિન ઉપયોગી પાણીની ટાંકી તોડવા માટે કોઈ હોનારતની રાહ જોવાઈ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા પંચાયતી રાજમાં ગ્રામસભાને સર્વોપરી માની તેમાં રજૂ થયેલા પ્રશ્નો ને પ્રાથમિકતા આપવાની હોય છે. મોટા ફોફળિયા ગામની વારી ગૃહની 60 વર્ષ ઉંચી પાણીની ટાંકી નો મુદ્દો યોજાતી ગ્રામ સભામાં વારંવાર લેવા છતાય તેને તોડી પાડવાની કોઈ કાર્યવાહી નિયમિત તલાટી ન હોવાને કારણે થતી નથી હાલ આ પાણીની ટાંકીના દરેક કોલમ અને બીમ પરથી પ્લાસ્ટર ઉખડી જઈ તેના સળિયા દેખાય છે ગમે ત્યારે આ પાણીની ટાંકી તૂટી શકે તેમ છે અને નજીકમાં આંગણવાડી કેન્દ્ર છે બાજુમાં રહેઠાણ છે સામે હાઈસ્કૂલ છે અને પાણીની ટાંકી પાસેથી અવર જવર માટે રસ્તો છે માનવ અને પશુઓની આવન જાવન રહેતી હોય મોટી હોનારત સર્જાય એવી શક્યતા ને લઈને મોટા ફોફળિયાના જાગૃત નાગરિકે તેના ફોટા સહિતની મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરેલ કમ્પ્લેન વોટ્સએપ મોબાઈલ નંબર ઉપર રજૂઆત કરેલ છે અને સાથે સાથે તાલુકા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને પણ તલાટી નવા ચૂંટાયેલા સરપંચોને કોઈક માર્ગદર્શન આપતા ન હોય તેમજ તલાટીઓ નિયમિત રીતે હાજર ન હોય ગ્રામ પંચાયતના સત્તાધીશો પણ આ અંગે કઈ કરી શકતા નહી હોવાની રજૂઆતો કરેલ છે. છેલ્લા 26 વર્ષ કરતાં વધુ સમયથી બિન ઉપયોગી મોટા ફોફળિયા ની આ ઉંચી પાણીની ટાંકી તોડવાની કોઈ કાર્યવાહી ન થતા જાણે કોઈ હોનારત સર્જાય તેની રાહ જોતા હોય તેમ બહેરા,મૂંગાબની કુંભકર્ણ ની નિદ્રામાં હોય તેમ અધિકારીઓ આ બાબતે કોઈ પગલાં ના ભરતા હોવાનું બહાર આવેલ છે.અધિકારીઓ આ બાબતે ત્વરિત પગલાં ભરી જોખમી પાણી ની ટાંકી ને દૂર કરે તેવી ગ્રામજનો ની પણ ઉગ્ર માંગ છે.

## બોડેલીના ખોડિયા પાણેજ બ્રિજ પાસે વાહને વૃદ્ધ મહિલાને અડફેટે લેતા મોત

(પ્રતિનિધી) બોડેલી, તા.૨૪

બોડેલી તાલુકાના ખોડિયા પાણેજ બ્રિજ પાસે અજાણ્યા વાહને વૃદ્ધ મહિલાને અડફેટે લેતા વૃદ્ધ મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે જ્યારે બનાવને લઇ બોડેલી પોલીસ મથકે ગુનો નોંધાયો છે. સણીયાનદ્રી ગામે રહેતી મધુબેન શનાભાઈ તડવી ઉ. વ 50 બોડેલી તાલુકાના ખોડિયા - પાણેજ ગામ પાસે ગત તા 19-1-23 ના રોજ ચાલતા પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અજાણ્યા વાહને મધુબેનને અડફેટે લેતા મધુબેન રોડ પર પટકાતા માથા સહિત શરીરના અન્ય ભાગે ગંભીર ઈજા થઈ હતી જ્યારે બનાવની જાણ આસપાસના લોકોને થતા સ્થળ પર ઉમટી પડ્યા હતા અને સરકારી એમ્બયુલ્સને જાણ કરતા મધુબેનને તાત્કાલિક એમ્બયુલન્સ મારફતે બોડેલીની સરકારી દવાખાને ખાસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન ગત તા 22/1/23 ના રોજ રાત્રી સમયે મોત નીપજ્યું હતું બોડેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**શિનોર, સાધલી, સેગવા મુકામે**

## ખાણીપીણીની લારીઓ વાળા પાસેથી નકલી ફૂડ ઈન્સ્પેક્ટર બનીને રોકડી કરી ગયા

**નકલી** પોલીસ બાદ હવે નકલી આરોગ્ય શાખાના ઇન્સ્પેક્ટરો બનીને વેપારીને લૂંટી રહ્યા છે

(પ્રતિનિધી) શિનોર, તા.૨૪

શિનોર તાલુકાના તાલુકા મથક શિનોર, સાધલી તથા સેગવા મુકામે ઘણી ખાણીપીણની લારીઓ વાળા તથા હોટલો વાળા લાયસન્સ ધરાવતાના હોવા છતાં અખાદ્ય નાસ્તા પાણીની રેકડીઓ ચલાવી રહ્યા છે.

તેનો લાભ લઈ આજે બે ગઠીયાઓ ફૂડ ઈન્સ્પેક્ટરનો રોફ જમાવીને રોકડી કરીને નવ દો ગ્યારા થઈ ગયા છે. શિનોર તાલુકામાં નકલી પોલીસો દ્વારા તોડપાણીના કિસ્સા બન્યા, પછી વોશિંગ પાવડર વેચનારા ઘરોમાં ઘૂસીને સોનાના દાગીનાની ઉઠાંતરીના કિસ્સા,પછી હાલમાં ખાણી પીણીની લારીઓ તથા બિનકાયદેસર હોટલોમાં ફુડના લાઈસન્સ વગર ધંધો કરનારા શિનોર, સાધલી તથા સેગવામાં બિલાડીના ટોપની જેમ નીકળી ગયા છે. દિવાળીના તહેવારોમાં ફૂડ ઈન્સ્પેક્ટરો આવા ગામોમાં આવીને દિવાળીની બોની લઈ જતા હોય છે. જેના કારણે આવા ખાણીપીણી વાળા બેફામ બનીને અખાદ્ય ચીજ વસ્તુઓને ભેગી કરીને લોકોના આરોગ્ય સાથે ખીલવાડ કરી રહ્યા છે. શિનોર તાલુકાના સેગવા અને સાધલી મુકામે સાંજના સમયે ખાણીપીણીની લારીવાળા પાસે બે અજાણ્યા ગઠિયાઓએ આવીને ફૂડ ઈન્સ્પેક્ટરનો રોફ જમાવી રોકડી કરી ગયા હતા. અને જતા જતા ફૂડ લાઈસન્સ લઈ જવા માટે તાકીદ કરી ગયા હતા જેથી કોઈને શંકા કુશંકા વ્યાપે નહીં. આવા લારીવાળાનો સંપર્ક સાધતા પોતે લૂંટાયા હોવાની વાત કહેવા તૈયાર નથી પરંતુ પોતાની પાસે ફુડનું લાઈસન્સ નથી એ વાત સ્વીકારે છે. સાધલી મુકામે ખરી વિસ્તારમાં સાંજના ચાર વાગ્યા પછી આવી લારીઓ ઊભી થઈ જાય છે તથા ખાણીપીણીના રસિયાઓ ખાવા પીવા માટે ઉમટી પડે છે. વડોદરા જિલ્લાના ફુડ ઈન્સ્પેક્ટરો આવી ખાણીપીણીની લારીઓ ઉપર જિલ્લામાં તવાઈ લાવીને લોકોના આરોગ્ય સાથે ખીલવાડ કરનારા સામે પગલાં ભરે એ જન હિત માટે અતિ જરૂરી બનેલ છે, અને તેઓને મળતો સરકારી પગાર સાચી ફરજ બજાવી સાર્થક બન્યો ગણાશે. દિવાળીની બોણી એ અલગ ચીજ વસ્તુ છે જ્યારે બારેમાસ વેચાતો આવો અખાદ્ય ખોરાક એ લોકોના આરોગ્ય માટે જોખમ કારક હોય પોતાની ફરજ બજાવે એ આ સમયની માંગ છે. ગઠિયાઓ જે લારીઓ વાળાના પૈસા લઈ ગયા છે તે લારીઓ વાળા કોઠીમાં માંઢુ ઘાલીને રડી રહ્યા છે.

**સમગ્ર જિલ્લામાં રાષ્ટ્રીય પર્વને ઉજવવા નાગરિકોને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે**

## છોટાઉદેપુરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીને લઈ સરકારી ઈમારતો પર રોશનીનો ઝગમગાટ

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૪

છોટાઉદેપુરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી અર્થે સરકારી ઈમારતો ઉપર રોશનીનો ઝગમગાટ જોવા મળ્યો.

છોટાઉદેપુર જિલ્લાના વડામથક છોટાઉદેપુર ખાતે આવનાર 26 મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ભવ્ય અને દબદબાભેર ઉજવણી અર્થે વહીવટી તંત્ર દ્વારા જિલ્લા સેવા સદન કચેરી તથા જિલ્લાની કચેરીઓને રોશનીથી સજાવી દેવામાં આવી છે. આ પ્રસંગે અંગ્રેજોના રાજમાંથી દેશને આઝાદી અપાવનાર અને દેશ માટે બલિદાન આપનાર વીર શહીદોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. અને ગર્વ સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રધ્વજ ને સલામી આપવામાં આવશે. જિલ્લા કલેકટર દ્વારા જિલ્લાના બોડેલી ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે. જેના આગોતરા આયોજન અર્થે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. નગરમાં આવેલી સરકારી ઈમારતો ઉપર રોશની કરી દેવામાં આવી છે. જે નજારો ભવ્ય લાગી રહ્યો છે.



છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે યોજાનારા જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમિયાન રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લામાં સર્વશ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓ તેમજ સિદ્ધિવંતોને પ્રમાણપત્રો આપીને નવાજવામાં આવશે. સાથે સાથે છોટાઉદેપુર જિલ્લાના 6 તાલુકાઓમાં પણ સરકારી ઈમારતો ને રોશનીથી સજાવી દેવામાં આવી છે. અને સાથે સાથે ઠેર ઠેર જગ્યાએ શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશ ભક્તિના ગીતો, વગેરે નું આયોજન કરવામાં આવશે સમગ્ર જિલ્લામાં રાષ્ટ્રીય પર્વને ઉજવવા નાગરિકોને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## સંખેડા હાંડોદમાં સબ યાર્ડમાં ચોથા દિવસે ખેડૂતોને વટાવ મુદ્દે જીત


તસવીર-સુરેન્દ્રસિંહ ચાવડા

(પ્રતિનિધી) સંખેડા, તા.૨૪

સંખેડા તાલુકા મેવાસ વિસ્તારના ખેડૂતોનો વટાવ પ્રથા દૂર કરવા માટે જે ભૂખ હડતાલ પર ઉતર્યા હતા તેમને વેપારીઓ દ્વારા પારના કરાવી સુખત અંત લાવ્યા. સંખેડા તાલુકા મેવાસ વિસ્તારના ખેડૂતો દ્વારા છેલ્લા ત્રણ દિવસથી વટાવ પ્રથા દૂર કરવા માટે ભૂખ હડતાલ પર ઉતર્યા હતા તેમનો વેપારીઓ તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા પારણા કરાવી સુખદ અંત લાવ્યા હતા. જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ખેડૂત કમિટીના પાંચ સભ્યો,સરકારી પ્રતિનિધિ તેમજ વેપારી પ્રતિનિધિ દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું અને ખેડૂતોના હિતમાં વટાવ પ્રથા સદંતર માટે બંધ કરવામાં આવી છે અને ખેડૂતોને પેમેન્ટ આરટીજીએસ તેમજ પચાસ હજાર સુધીનું રોકડ પેમેન્ટ કરવામાં આવશે.ખેડૂત હિત રક્ષક સમિતિ દ્વારા છેલ્લા 20 દિવસથી જે વટાવ પ્રથા દૂર કરવા માટે આંદોલન ચાલી રહ્યું હતું તેનો આજે સુખદ અંત આવ્યો હતો. જે આખા છોટાઉદેપુર જિલ્લામાં વટાવ પ્રથા સદંતર બંધ કરવામાં આવી છે અને બધાનો કપાસ એપીએમસીમાં લવાશે અને વેપારી દ્વારા હરાજી થશે જેથી દરેક ખેડૂતને લાભ મળશે.

**ગ્રામ પંચાયતના વહીવટી હોદ્દેદારો પોતાની મનમાની કરીને ડામર રોડ બનાવે છે**

## વજેપુરથી જાંબલી ગામના રોડનું સર્વે મુજબ કામ કરવા જિલ્લા કલેકટર-ડીડીઓને રજુઆત

**સાત** દિવસમાં ગ્રામજનોની માંગ નહીં સ્વીકારવામાં આવે તો આંદોલનની ચિંમકી



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૪

છોટાઉદેપુર જિલ્લાના વજેપુરથી જાંબલી ગામને જોડતો રોડનું કામ ખોટી જગ્યાએ ચાલુ કરેલ છે. જે સર્વે મુજબ કરવા ગ્રામ જનો દ્વારા આજરોજ છોટાઉદેપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા કલેકટરને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. કવાંટ તાલુકા ખાતે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વજેપુર અને જાંબલી ગામને જોડતો રોડ કામ ચાલુ કરેલ છે. વર્ષ 2020,/21માં આર સી સી રોડ 22 લાખના ખર્ચે પટેલ ફળિયાથી ગમોણ ફળિયાને જોડતો રોડ બનાવેલ છે. અને હાલ એજ રોડ ઉપર ડામર રોડ બનાવવાનું કામ ચાલુ છે. ત્યાં આરસીસી રોડ પેહલથીજ બનાવેલ હતો. અને હાલમાં તેના ઉપર ગ્રામ પંચાયતના વહીવટી હોદ્દેદારો પોતાની મનમાની કરીને ડામર રોડ બનાબે છે. જે બિલકુલ અયોગ્ય છે. આ રોડને બંધ કરીને જ્યાં લોકોની સુખાકારી માટે માંગ છે ત્યાં બનાવે આ બાબતે તાલુકા વિકાસ અધિકારી, તલાટી તેમજ મહિલા સરપંચના પુત્રને ટેલિફોનિક અને મૌખિક રજુઆત કરવા છતાં અમારી કોઈ રજુઆત ગ્રાહ્ય રાખ્યા વગર પોતાની મનમાની મુજબ કામ ચાલુ રાખેલ છે. જે સરકારી યોજનાનો દૂર ઉપયોગ કરતા સ્પષ્ટ દેખાય છે. આ અમારી રજુઆત બાબતે ગંભીર નોંધ લેવામાં આવે અને ગ્રામજનોની માગ મુજબ સંતોષકારક નિર્ણય 7 દિવસમાં લેવામાં આવે જો અમારી માંગ સ્વીકારવામાં નહિ આવે તો અમો ગ્રામજનો આંદોલન કરીશું અને તાત્કાલિક કામ અટકાવીશું તેમ આપેલ લેખિત રજુઆત પત્રમાં જણાવ્યું છે.

## ડભોઈના અકોટીગામમાં પાણીના બગાડના લઈને ગ્રામજનો નારાજ



(પ્રતિનિધી) ડભોઈ, તા.૨૪

ડભોઇ તાલુકાના અકોટી ગામમાં પીવાના પાઈપમાં લીકેજને લઈ રોડ પર પાણી વહી રહ્યા છે જેને કારણે વાહન ચાલકોને ભારે આપદા વેઠવી પડે છે એય ઓછું હોય એમ આ પાણીની લાઈનથી પીવાનું પાણી પીવા પુરૂ પડાતું હોય જે પીવાના પાણી દુષિત પાણી નળમાં આવતું હોવાની ચર્ચાએ ચકચાર જગાવી છે પીવાના પાણી દુષિત પાણીને લઈ રોગચાળો ફાટી નિકળશે એની જવાબદારી કોની ? સરકાર એક તરફ પાણી બચાવો પાણી તમને બચાવશે તો અહીં અકોટીમાં પાણી કોણ બચાવશે ? !

## પાદરાના માસરરોડ ગામે રણછોડજી મંદિરનો ૪૭મો પાટોત્સવ ઉજવાશે

(પ્રતિનિધી) પાદરા, તા.૨૪

પાદરા તાલુકાના માસરરોડ ગામ જ્યાં ડાકોર જેટલું મહત્વ ધરાવતું પૌરાણિક રણછોડજી મંદિર આવેલ છે જ્યાં તુલસી વિવાહ, અન્નકૂટઉત્સવ, વસંત પંચમી, જન્માષ્ટમી, હોળી ધુળેટી સહિતના ધાર્મિક કાર્યક્રમનો ભક્તિ ભાવપૂર્વક રંગે ચંગે ગ્રામજનોના સહકારથીઉજવણી કરવામાં આવતી હોય છે. રણછોડજી મંદિર ખાતે જગત જનની માં મહાલક્ષ્મીજી તથા રણછોડજીની નયન રમ્ય મૂર્તિના દર્શનથાય છે. રણછોડજી મંદિર પ્રમુખ નિરાંતભાઈ રાયસંગભાઈ પરમાર સહિત ટ્રસ્ટી મંડળ દ્વારા પ્રતિ વર્ષની જેમ ૪૭ માં પાટોત્સવની રંગેચંગે ભક્તિભાવ પૂર્વક ધાર્મિક શાસ્ત્રોકત વિધિ અનુસાર તારીખ ૨૬/૧/૨૦૨૩ ને ગુરૂવારના રોજ યોજાશે.

## બોડેલીની ભક્તવાડીમાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જન સંવાદ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) બોડેલી, તા.૨૪

બોડેલીની ભક્તવાડી ખાતે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જન સંવાદ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગામની અનેક સમસ્યા અંગે નગરજનોએ રજુઆત કરતા જિલ્લા કલેકટરએ રજુઆત સાંભળી હતી અને તેના નિવારણને માટે જિલ્લા કલેક્ટરએ સંબધિત અધિકારીઓને સૂચના આપી હતી જયારે સમસ્યા અંગે ઝડપી નિવારણ લાવવા માટે કલેકટરએ નગરજનોને ખાત્રી પણ આપી હતી

બોડેલીની ભક્ત વાડી ખાતે છોટાઉદેપુર જિલ્લા કલેકટર સ્તુતિ ચારણના અધ્યક્ષતામાં જન સંવાદ યોજાયો હતો જેમાં બોડેલી પ્રાંત અધિકારી મૈત્રીદેવી સીસોદીયા સહિત સરકારી અધિકારીઓ અને કર્મીઓની સાથે સાથે બોડેલી સહિત ગામના સરપંચ સહિત કાર્તિક શાહ, જિલ્લા પંચાયત સદસ્ય



સંજયભાઈ બારીયા, આગેવાન અનવર મન્સૂરી, સહિત વિગેરે નગરજનો હાજર રહ્યા હતા ત્યારે બોડેલી ગામના વચ્ચેથી પસાર થતી હરખલી કોતરના કારણે ચોમાસામાં પાણીની સમસ્યા તેમજ હાઈ ટેન્શન વાયર તેમજ માર્ગો પર ટ્રાફિકની સમસ્યા સહિત અનેક સમસ્યાની રજુઆત કલેકટરને સાંભળી હતી અને તેના નિવારણ માટે સંબધિત અધિકારીઓને સૂચના આપી હતી જયારે તમામની સમસ્યા અંગે ઝડપી નિવારણ લાવવા માટે કલેકટર સ્તુતિ ચારણએ નગરજનોને ખાત્રી પણ આપી હતી.

## ડભોઈ શહેરમાં બેટી બચાવ દિવસની ઉજવણી કરવામાં આવી



ડભોઇમાં આર.જી. પંડયા હાઈસ્કૂલમાં જિલ્લા આરોગ્ય અધિકારીના નેજા હેઠળ ડભોઈમાં બેટી બચાવો બેટી પઢાવો અને ભૃણ હત્યા રોકવા અને જાગૃતિ લાવવા રમુજી રંગલો રંગલીના નાટયસ્વરુપે રજુ કરી બેટી બચાવો, બેટી પઢાવો અને ભૃણ હત્યા રોકવા જીસ ઘર મેં બેટી ઉસ ઘર મેં જન્નતનો સંદેશો આપવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાવના બેન ધોળકિયા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.ગુડીયા રાની, સી.એમ.ટી.સીના પૂનમ બેન વોરા શાળાના આચાર્ય આશા વર્કરબેન અને આરોગ્યના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવેલ. (તસવીર-દિપક જોષી)

## છોટાઉદેપુરમાં બ્રહ્મ સમાજના નેજા હેઠળ બ્રહ્મ જલસા કાર્યક્રમ યોજાયો

**બાળકોએ** પોતાની ક્ષમતા અને કળાઓના માધ્યમથી વીસ કૃતિઓ રજુ કરી હતી


તસવીર-સંજય સોની

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૪

છોટાઉદેર ખાતે સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના નેજા હેઠળ છોટાઉદેપુર બ્રહ્મ જલસા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

છોટાઉદેપુર નગરમાં આવેલ બ્રાહ્મણ વાડીમાં તા 22ના રોજ બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મ જલસાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ ભગવાન સત્યનારાયણની કથા કરવામાં આવી હતી અને કથાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેનો લાભ નગરના સૌ બ્રાહ્મણોએ લીધો હતો. નગર તથા જિલ્લાના સૌ ભૂદેવો એકત્રિત થય હતા અને ઉલ્લાસભેર બ્રહ્મ જલસા કાર્યક્રમનું આયોજન ભુદેવોએ સુંદર કર્યું હતું. અને સમાજમાં સૌ ભેગા મળી ઉત્તરોઉત્તર પ્રગતિ કરે અને એકતા જળવાઈ રહે તેવી પ્રભુને પ્રાર્થના કરી હતી.

બ્રહ્મ જલસા કાર્યક્રમ સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ શૈલેષભાઈ ઠાકર નાં અધ્યક્ષ સ્થાને દીપ પ્રગટાવી બ્રહ્મ જલસા કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં નાના બાલભૂદેવો દ્વારા મંત્રોચાર કરવામાં આવતા સમગ્ર વાતાવરણ ભક્તિમી બની ગયું હતું. કાર્યક્રમનો ઉદ્દેશય બ્રહ્મ સમાજ એકતા, સંસ્કારીતા અને ભવ્ય વારસાને પ્રતિબીબીત કરવાનો હતો. બ્રાહ્મણના વૈદિક જ્ઞાનનો દેશ વિદેશમાં ફેલાવો થઈ રહ્યો છે ત્યારે બ્રાહ્મણે હવે ભૂદેવની ભૂમિકા અદા કરવાના અવસરની ચર્ચા બ્રહ્મબધુઓ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બ્રહ્મ સમાજનો પાયો નાખનારા એવા વયોવૃદ્ધ પ્રદ્યમન પુરોહિતનું નું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રસંગે સેવાભાવી બ્રહ્મણોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. બાલ ભૂદેવો દ્વારા મંત્રચાર,સ્વાગતગીત,ધર્મ વક્તવ્ય, સંસ્કૃતિ જ્ઞાન ગોષ્ઠી સાથે પ્રશ્નોત્તરી,નૃત્ય, ધર્મ સાથે રાષ્ટ્રપ્રેરક પ્રવચનો કરવામાં આવ્યા હતા. ત્રીસ જેટલાં નાનાબાળકોએ પોતાની ક્ષમતા અને કળાઓના માધ્યમથી વીસ કૃતિઓ રજુ કરી હતી. જે બાળકોને પુરષ્કાર આપવામાં આવ્યા હતા.છોટાઉદેપુરના વતની હાલ વિદેશમાં રહેતા અને બ્રહ્મ સમાજ સાથે વૈદિક સંસ્કૃતિનો પ્રસાર કરનારા ધવલભાઈજાની દ્વારા તમામ બાળભૂદેવોને પીતાંબર ભેટ આપવામાં આવ્યા હતા.

## ડભોઈ પોલીસે વિદેશી દારૂનું વેચાણ કરતા ઈસમને ઝડપી પાડ્યો

(પ્રતિનિધી) ડભોઈ, તા.૨૪

ડભોઈ પોલીસ ટાઉન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમિયાન અંગત બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે ડભોઈ ટાઉન ઝાલોરા વાડી પાછળ રહેતા ભરતભાઈ દીલીપભાઈ તડવી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો બહાર થી મંગાવી પોતાના કબ્જા ભોગવટાના ઘરની પાછળ આવેલ બાથરૂમમા સંતાડી રાખેલ છે અને ચોરી છુપીથી વિદેશી દારુ વેચવાની પ્રવુતી કરે છે. જે બાતમી હકીકત આધારે પોલીસ સ્ટાફના માણસો તથા બે પંચો સાથે બાતમી વાળી જગ્યા એ રેઈડ કરતા ભરતભાઈ તડવી પોતાના ઘરે હાજર મળી આવેલ તેના કબજા ભોગવટાના ઘરની પાછળ આવેલ બાથરૂમમા તપાસ કરતા ભારતીય બનાવટના વિદેશી દારૂની કાચની તથા પ્લા.ની મોટી બોટલો તથા કાચના કવાટર મળી કુલ નંગ ૧૨૬ જેની કિંમત ૩૩,૯૨૭/- તથા મોબાઈલ નંગ-૦૧ કી,રૂ.૩૦૦૦/- મળી કુલ ૩૬,૯૨૭/- નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડી પાડવામાં આવ્યો છે.